અરવલ્લી જીલ્લામાં ભાજપ અને કોંગ્રેસના

ઉપવાસ-ધરણાના તાયફાઓ વચ્ચે જીલ્લાના પ્રાણ પ્રશ્નો કોરાણે

મોડાસા સહીત જીલ્લાના મોટા ભાગના એટીએમ રૂપિયા વિહોણા : મોંઘવારીના બેવડા મારથી અને રોજગારીના પૂરતા પ્રમાણમાં ઉદ્યોગ ન હોવાથી જીલ્લાનો વિકાસ રૂંધાયો

અરવલ્લી, તા. ૧૬

હાલ સમગ્ર દેશમાં લોકસભા-૨૦૧૯માં યોજાનાર ચૂંટણીને અનુલક્ષીને લોકતંત્રની બે મોટી પાર્ટી ભાજપ અને કોંગ્રેસ દ્વારા મતદારોને રીઝવવા વિવિધ તાયફા કરી પ્રયત્નો હાથ ધર્યા છે. કોંગ્રેસના કોમી એખલાસ જળવાય અને દલિતો પર થતા ભાજપના રાજમાં અત્યાચારમાં વધારાના વિરોધમાં ઉપવાસ અને ધરણા બાદ ગુરુવારે ભાજપ દ્વારા સંસદની કાર્યવાહી રોકી લોકતંત્રનું કોંગ્રેસ દ્વારા હનન કરવામાં આવ્યું હોવાનું જણાવી ધરણા યોજી બંને રાજકીય પાર્ટીઓ તાયફાઓ કરી રહ્યા છે. બીજી બાજુ અરવલ્લી જીલ્લાનાનું સાબરકાંઠા જીલ્લામાંથી વિભાજન થયે ૪ વર્ષનો સમય વીતવા છતાં જીલ્લાનો વિકાસ રૂંધાયો હોવાનું જીલ્લાના પ્રજાજનો અનુભવી રહ્યા છે. જીલ્લાના પ્રજાજનોના પ્રાણ પ્રશ્નો ધંધા રોજગાર અને મોંઘવારી સહીત જીલ્લાના યુવાનોને

રોજગારી મળે તે માટે ઉદ્યોગો સ્થાપવા માટે માંગ ઉગ્ર બની છે. જીલ્લામાં હાલ લગ્નસરાની સીઝન ચાલી રહી છે ત્યારે જીલ્લાના મોટાભાગના એટીએમ અને બેંકોમાં કેશના અભાવે જીલ્લાવાસીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. બેંકો ગ્રાહકોને જરૂરિયાત મુજબ પુરતા નાણા આપવામાં નિષ્ફળ રહેતા અને બેંક અધિકારીઓ અને કર્મચારીઓ કોઈને ગાંઠતા ન હોવાની બૂમો પાડી રહ્યા છે. બંને રાજકીય પાર્ટીના નેતાઓ અને કાર્યકરો લોકોને મદદરૂપ થવાના બદલે રાજકીય પાર્ટીઓના તાયફાઓમાં વ્યસ્ત રહેતા જીલ્લાના પ્રજાજનોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

અરવલ્લી જીલ્લામાં ભાજપના હોદેદારો અને કાર્યકરો સત્તાના મદમાં રાચતા હોવાનું અને કોંગ્રસના હોદેદારો અને કાર્યકરો સરકાર અમારી રજુઆત સાંભળતી નથી ના બહાના બનાવાની સાથે વિપક્ષની ભૂમિકા અદા કરવામાં અને વિરોધ પ્રદર્શનમાં નિષ્ફળ રહી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

અરવલ્લી જીલ્લો વિકાસથી વંચિત રહેવાની સાથે સતત વધતી મોંઘવારીથી પ્રજાજનોની હાલત દયનિય બની છે. જીલ્લાના ખેડૂતોને તેમના મહામુલા પાકના પોષણક્ષમ ભાવ મળતો નથી બીજીબાજુ સિંચાઈના અભાવે ખેતી પણ કરી શકતા નથી. વીજળીનો અનિયમિત અને મર્યાદિત પુરવઠા સહીત અનેક તકલીફોથી તોબા પોકારી ખેતીથી અળગા થઈ રહ્યા છે. જીલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં પીવાના પાણી માટે લોકો ભટકી રહ્યા છે. મેઘરજ અને ભિલોડાના ગ્રામ્ય વિસ્તારો હજુ પણ વિકાસથી વંચિત રહેતા અને જીલ્લામાં રોજગારની નવીન તકો વધવાના બદલે ઘટાડો થતા બેરોજગાર યુવાનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં વિકાસ રૂંધાતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે ત્યારે જીલ્લાના પ્રજાજનોનો બંને રાજકીય પાર્ટીના હોદેદારો અને કાર્યકરો મત માટે જ ઉપયોગ કરતા હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લામાં બંને રાજકીય પક્ષ સામે છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસામાં બસ સ્ટેન્ડ બનાવવા વૃક્ષોનું નિકંદન કટાતા પર્યાવરણપ્રેમીઓમાં રોષ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં એસટી ડેપો તોડી નવનિર્માણ એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસ પોર્ટનું લોકાર્પણથી વિવાદોમાં સતત ઘેરાયેલું રહ્યું છે. ત્યારે વિકાસના નામે જુના બસ સ્ટેન્ડમાં આવેલા વર્ષો જુના ઝાડ કાપી નખાતા પર્યાવરણ પ્રીમીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. એક બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યસરકાર અને જંગલ વિભાગ દ્વારા વૃક્ષો વાવો પર્યાવરણ બચાવોના વિવિધ કેમ્પઈન ચલાવવા આવી રહ્યા છે. બીજી બાજુ વિકાસની આંધળી દોટ વચ્ચે આડેધડ વૃક્ષોનું નિકંદન કઢાતા લોકોમાં ભારે રોષ ફેલાયો છે. મોડાસા બસ સ્ટેન્ડમાં ધોમધખતા તડકામાં છાંયડો પૂરો પાડતા વૃક્ષો નામશેષ થતા મુસાફરો પણ દુઃખી બન્યા હતા.

ભિલોડાના વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબની પ્રતિમા ખંડીત કરાતાં રોષ ભભૂક્યો

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામમાં પ્રવેશધ્વાર પાસે વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબ ધીરજસિંહજીના સ્ટેચ્યુંને અજાણ્યા અસામાજીક તત્વો ધ્વારા ખંડીત કરી સ્ટેચ્યું નીચે ટાયરો સળગાવતાં પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. અસામાજીક તત્વોએ ઘોડા ઉપરથી તલવાર અને ભાલો લઈ પલાયન થઈ ગયા હતા.વાંકાનેર ગ્રામજનો ધ્વારા પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. પોલીસ કાફલો ઘટનાસ્થળે તાબડતોબ પહોંચી ગયો હતો. સ્ટેચ્યુંને ખંડીત કરી અસામાજીક તત્વોએ નુકશાન પહોંચાડ્યું છે.



રાજપુત સમાજની લાગણીને અસામાજીક તત્વોએ ઠેસ પહોંચાડી છે. વાંકાનેર ગામના રાજપુત સમાજના અને વિવિધ સમાજના આગેવાનોએ સામુહિક રીતે આ બનાવ સંદર્ભે પોલીસ સ્ટેશનમાં જણાવ્યું હતું. વાંકાનેર ગામના દિગ્વીજયસિંહ ચંપાવત, કુલદિપસિંહ ચંપાવત, મનહરભાઈ પટેલ સહિત જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબ ધીરજસિંહજીનું સ્ટેચ્યું ગામના પ્રવેશધ્વાર પાસે વર્ષોથી મુંકાયું હતું.

અંગ્રેજોના સમયકાળ દરમ્યાન કહેવાય છે કે વાંકાનેર સ્ટેટના જાગીરદાર ધીરજસિંહજીની પાછળ પડેલા તે સમયે વાંકાનેર નાળીયામાં બાર બળદ ગાડા જતા હતા ત્યારે ધીરજસિંહજી ઘોડી ઉપર સવારી કરતા હતા તે સમય દરમ્યાન બાર મણનું બકતર,સાત મણ ભાલાના વજન સાથે બાર બળદ ગાડા કુદાવી વાંકાનેરના ડુંગરોમાં આવી ગયા હતા.વાંકાનેર સ્ટેટના જાગીરદાર ઠાકોર સાહેબની યાદો સમાજમાં જીવંત રહે તે હેતુસર સ્ટેચ્યું મુંકવામાં આવ્યું હતું પરંતુ મધ્યરાત્રે અજાણ્યા અસામાજીક તત્વોએ સ્ટેચ્યું નીચે ટાયરો સળગાવી સ્ટેચ્યુંને ખંડીત કરી તલવાર અને ભાલો લઈ રવાના થઈ ગયા છે ત્યારે રાજપુત સમાજ સહિત ગ્રામજનોની લાગણી દુભાઈ હતી.રાજપુત સમાજ સહિત વાંકાનેર ગ્રામજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો હતો.

વાંકાનેર રાજપુત સમાજના આગેવાનો,ગ્રામજનોએ મીંટીગ બોલાવી કઠોર નિર્ણય લીધા હતા. ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે જાણ કરાઈ હતી. અસામાજીક તત્વોને કડકમાં કડક કાર્યવાહી કરવા ગ્રામજનોની પ્રબળ લોકમાંગણી છે.

ખોખરામાં લાખોની મત્તાની ચોરી થતા ભારે સનસનાટી

અમદાવાદ,તા. ૧૬

શહેરના ખોખરા વિસ્તારમાં ખોખરા પોલીસ સ્ટેશનથી માંડ ૨૦૦ મીટરના અંતરે આવેલા ડિવાઈન એવન્યુ એપાર્ટમેન્ટમાં તસ્કરોએ એક શિક્ષકના ઘરમાં હાથ સાફ કરી ૩૦ તોલા સોનુ સહિત રૂ.૧૦ લાખની માલમતાની ચોરી કરીને જાણે પોલીસને પડકાર ફેંક્યો હતો.

ચોરીની આ ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ બનાવને પગલે ખોખરા પોલીસ પણ જાણે ઉંઘતી ઝડપાઈ છે. ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવો ઘાટ સર્જાતાં પોલીસે મોડે મોડેથી હવે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ જરૂરી ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

જેસીઆઈ મોડાસા દ્વારા અનોખો સમારોહ યોજાયો

મોડાસા, તા. ૧૬

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ઈન્ડીયાના જેસીઆઈ મોડાસા દ્વારા એવોર્ડ

ફંક્શન અને શપથગ્રહણ સમારોહ યોજાયો. જેસીઆઈ મોડાસાના પ્રમુખ ડૉ. સંતોષ દેવકરે આ ઉજવણીના ભાગરૂપે જુદા જુદા ક્ષેત્રોમાં સેવા આપતા અને સમાજોપયોગી કાર્યો કરતાં વિવિધ વ્યક્તિઓને સન્માનવાનો અનોખો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. સંતોષ દેવકરે સ્વાગત પ્રવચન કર્યુ હતુ અને પ્રવૃત્તિ અહેવાલ અલ્પેશ પટેલે રજુ કર્યો હતો.

સન્માનિત મહાનુભાવોમાં ઈલાબેન એસ. આહીર, નૌલેશભાઈ જોષી, બિપીનભાઈ આર. શાહ, ડૉ. રાકેશ સી. મહેતા, ડૉ. કંદર્પ પ્રજાપતિ, મુકુન્દ એસ. શાહ, ઈશરતબાનુ સૈયદ, સ્મિતા બૌદ્ધ, ઈલાબેન વ્યાસ, જીજ્ઞાસાબેન દવે, જેસી મિત્રો ધર્મેન્દ્ર ત્રિવેદી, અલ્પેશ પટેલ, રવિ શાહ, ભાવેશ જયસ્વાલ, અનીશ કાવઠીયા, ડૉ. અશોક શ્રોફ, ડૉ. પરેશ શાહ, દિનેશ જે. મહેતા, કનુભાઈ સી. શાહ, વ્રજેશ પંડ્યા, દિનેશ વી. શાહ, જય અમીન હાજર રહ્યા હતા.

ઉદ્ઘાટક ડેપ્યુટી કલેક્ટર ઈલાબેન એસ. આહીર, કી નોટ સ્પીકર ઉમેશ એ. ધગત, ઈન્ડક્શન ઓફીસર હીરેન શાહ, શપથ સંપન્નદાતા ઈશાન આર. અગ્રવાલ, મુખ્ય મહેમાન નવનીતભાઈ પરીખ, સુરેન્દ્રભાઈ જે. શાહની ઉપસ્થિતિમાં મોડાસા પ્રદેશના મહાનુભાવોને શાલ અને મોમેન્ટોથી સન્માનવામાં આવ્યા હતા. ઉપસ્થિત નગરજનોએ કાર્યક્રમને બિરદાવ્યો હતો અને યોગ્ય વ્યક્તિનું યોગ્ય સમયે થયેલા સન્માનની વાતની પ્રશંસા કરી હતી.

સન્માન બાદ વર્ષ ૨૦૧૮ના પ્રમુખ તરીકે અલ્પેશ પટેલે શપથ ગ્રહણ કર્યા હતા. તેમની સાથે ઉપપ્રમુખ ભરત સોની, સેક્રેટરી ધર્મેન્દ્ર ત્રિવેદી, ખજાનચી રવી શાહની વરણી કરવામાં આવી હતી.

ઊંઝાના ઉનાવા ગામે દારૂનો વેપાર ખુલ્લેઆમ ચાલતો હોવાની ફરિયાદ

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે મામુસાહેબની દરગાહ આગળ કેટલાક દારૂના ધંધાર્થીઓ દ્વારા ખુલ્લેઆમ ઈંગ્લીશ દારૂની આયાત અને વેચાણની પ્રવૃત્તિ ચાલી રહી હોવાનો લોક પોકાર ઉઠ્યો છે.

ઉનાવા ગામે એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે ઊંઝા તરફ જવાના હાઈવે પર મામુસાહેબની દરગાહ આવેલ છે. આ દરગાહમાં દરરોજ બહારથી ઘણા યાત્રાળુઓ, દર્શનાર્થીઓની આવ-જા થાય છે. આ ધાર્મિકસ્થાનની આગળના જ ભાગે બિન ઉપયોગી એવુ બસ સ્ટેન્ડ છે. જ્યાં દારૂના ધંધા સાથે સંકળાયેલા કેટલાક સ્થાનિક અને બહારના તત્વો ખુલ્લેઆમ ઈંગ્લીશ દારૂની આયાત અને વેચાણનો ધિકતો ધંધો કરી રહ્યા છે તેવી ગ્રામજનોની ફરિયાદો ઉઠી છે. કહે છે કે છેલ્લા ઘણા વખતથી આ જગ્યાએ બિન્દાસ્ત રીતે દારૂનો વેપલો ચાલી રહ્યો છે તેમ છતાં કહેવાતા હપ્તાઓની લાલચે પોલીસતંત્ર તરફથી કોઈજ કડક પગલાં ભરાતાં નથી. ઉનાવા સંવેદનશીલ ગામ છે. જીલ્લા અને રાજયના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ખાનગીરાહે તપાસ કરાવી આ દારૂના અડ્ડાને સવેળા બંધ કરાવવા કાનૂની પગલાં ભરવા જરૂરી મનાય છે. ઉનાવામાં પોલીસ સ્ટેશન કાર્યરત થયા બાદ દારૂ, જુગાર કેફી પદાર્થોનું વેચાણ જેવી ગેરકાયદે બદીઓ વધી ગઈ છે.

રાણા કપુરને સીએનબીસી એશિયાનો ઈન્ડિયા ટેલેન્ટ મેનેજમેન્ટ એવોર્ડ

યસ બેન્કનાં એમડી અને સીઈઓ તેમજ યસ ગ્લોબલ ઈન્સ્ટિટ્યુટના ચેરમેન રાણા કપુરને સીએનબીસી એશિયાના ઈન્ડિયા ટેલેન્ટ મેનેજમેન્ટ એવોર્ડથી સન્માનવામાં આવ્યા છે. તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલા સમારંભમાં કેન્દ્રનાં ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી, કાયદો અને ન્યાય ખાતાના મંત્રી રવિશંકર પ્રસાદનાં હસ્તે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

સીએનબીસી-ટીવી-૧૮ ઈન્ડિયા બિઝનેસ લીડર એવોર્ડસ એવા નેતાઓને આપવામાં આવે છે કે જેમણે ઉદ્યોગ સાહસિક પગલાઓનું સર્જન કરીને સંવર્ધન કર્યુ હોય, શ્રેષ્ઠ પદ્ધતિઓ વિકસાવી હોય અને વૈશ્વિક અર્થતંત્રનાં શક્તિશાળી વ્યાપારોની કેડી કંડારી હોય.

આ પ્રસંગે યસ બેન્કનાં એમડી અને સીઈઓ રાણા કપુરે જણાવ્યું હતું કે ભારતની સૌથી વધુ ઝડપે વૃદ્ધિ પામતી બેન્કોમાંની એક તરીકે અમે કૌશલ્યયુક્ત માનવબળનું સર્જન કરવા કટિબદ્ધ છીએ.

ઓડીની સેકન્ડ જનરેશન ઓડી આરએસ-૫ કુપની ભારતમાં રજૂઆત

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતીય બજારમાં સેકન્ડ જનરેશન ઓડી આરએસ-૫ કુપની રજુઆત કરી છે. તદ્દન નવી ઓડી આરએસ-૫ કુપ સાથે ઓડી સ્પોર્ટનું ભારતમાં નવી આરએસ ડિઝાઈન ફિલોસોફી સાથેનું આ પ્રથમ મોડલ છે. કુપનું તદ્દન નવું ૨.૯ ટીએફએસઆઈ બાય ટર્બો એન્જિન ૩૩કેડબલ્યુ (૪૫૦ એચપી) પેદા કરે છે અને ૬૦૦ એનએમનો ટોર્ક ઉત્પન્ન કરે છે. સ્ટાન્ડર્ડ કેવેટ્રો ડ્રાઈવ તમામ ચાર વ્હીલ્સને પાવરનું વિતરણ કરે છે. ભારતમાં સેકન્ડ જનરેશન ઓડી આરએસ-૫ કુપની કિંમત રૂ. ૧,૧૦,૬૫,૦૦૦ છે.

ઓડી ઈન્ડિયાના અધ્યક્ષ રાહિલ અન્સારીએ જણાવ્યું હતું કે, 'ઓડી સ્પોર્ટમાં ઓડીની રેસટ્રેડ ટેરકનોલોજીમાં પ્રોડક્શન રેડી પરફોર્મન્સ કાર્સની સંક્રાંતિ વ્યક્ત થાય છે. કારનું વી-૬ બાય ટર્બો એન્જિન્સ વધારે પરફોર્મન્સ અને ઉચ્ચ કાર્યદક્ષતા પુરી પાડ છે. ન્યુ ઓડી આરએસ-૫ કુપમાં સ્પોટકારનું પરફોર્મન્સ અને સેદાનની સુગમતા સુંદર રીતે વ્યક્ત થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે, '૨૦૧૮ તે ઓડીનું પ્રગતિનું વર્ષ છે.

પ્રાંતિજ ખાતે આદર્શ મહિલા મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પુસ્તકોનું વિતરણ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા માટેના પુસ્તકોનુ વિતરણ તથા શિક્ષણ અને

બેરોજગારી વિષે માર્ગદર્શન પુરૂ પાડતો સેમીનાર યોજાયો.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી દશામાના હોલ ખાતે આદર્શ મહિલા મંડળ મોયદ તેમજ અક્ષર પ્રકાશન અમદાવાદ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોનું વિના મુલ્યે વિતરણ તેમજ શિક્ષણ અને રોજગારીલક્ષી માર્ગદર્શન સેમીનાર યોજાયો હતો. જેમાં સમાજના નોકરી ઈચ્છુંક યુવા-યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તજજ્ઞો દ્વારા શિક્ષણ સહિત રોજગારી વિષે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા પ્રાંતિજ-તલોદ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, આબુસિંહ ચૌહાણ, કાળુસિંહ રાઠોડ, કાળુસિંહ ચૌહાણ, પ્રફુલભાઈ ઠાકોર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મંચ ઉપર ઉપસ્થિત મહેમાનો દ્વારા આવેલ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓના પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રવીણ તોગડિયા આજથી આમરણાંત ઉપવાસ પર

ગુરુગ્રામ ખાતે યોજાયેલી વિહિપની ચૂંટણીમાં ડો.પ્રવીણ તોગડિયાની હકાલપટ્ટી બાદ આવતીકાલથી તેઓ અમદાવાદમાં અચોક્કસ મુદત માટે અમરણાંત ઉપવાસ પર ઉતરી રહ્યા છે. ડો.પ્રવીણ તોગડિયાનું ઉપવાસનું સ્થળ છેલ્લી ઘડીયે બદલવામાં આવ્યું છે. પહેલા તેમના ઉપવાસ બત્રીસી હોલ ખાતે યોજાવાના હતા પરંતુ હવે તે સ્થળ બદલી હેલ્મેટ સર્કલ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે તેઓ ઉપવાસ આંદોલન શરૂ કરવા જઈ રહ્યા છે. ડો.તોગડિયાના સત્યાગ્રહમાં ધાર્યા કરતાં વધુ લોકો અને સાધુ-સંતો, મહંતો અને હિન્દુ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાઈ શકે તેમ હોઈ ઉપવાસનું સ્થળ બદલાયું હોવાનું મનાઈ રહ્યું છે. બીજીબાજુ, ડો.તોગડિયાના અમરણાંત ઉપવાસને લઈ ગુજરાત સહિત દેશભરના સાધુ-સંતો અને મહંતો પણ હવે તેમના સમર્થનમાં આગળ આવી રહ્યા છે. સનાતન સંસ્થાએ ડો.તોગડિયાના ઉપવાસમાં પોતાનું સમર્થન જાહેર કર્યું છે, તો અખિલ ભારતીય ગૌ રક્ષક ટ્રસ્ટના સભ્યોએ આજે તોગડિયા સાથે મુલાકાત કરી હિન્દુઓ, રામમંદિર અને ગૌ હત્યા રોકવા જે ઉપવાસ આદરવાનું એલાન આપ્યું છે, તેને પોતાનું ખુલ્લું સમર્થન આપ્યું છે. ટ્રસ્ટના અવધૂત રામાયા મહારાજે દાવો કર્યો હતો કે, દેશના સાધુ-સંતો, મહંતો અને અન્ય મહાનુભાવો ડો.તોગડિયાની સત્યની લડાઈ સાથે છે. દરમ્યાન આજે સોમવતી અમાસના પવિત્ર દિવસે ડો.પ્રવીણ તોગડિયાએ શહેરના સુપ્રસિધ્ધ કર્ણમુકતેશ્વર મહાદેવ ખાતે ભોળાનાથની પૂજા કરી તેમના સંકલ્પ પૂર્ણ કરવાના આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે ડો.તોગડિયાએ જણાવ્યુંહતું કે, ગુજરાત સહિત દેશમાં આજે બાળકીઓ, બેટીઓ અને મહિલાઓ સુરક્ષિત નથી, તેઓ ખુલ્લેઆમ બળાત્કારનો ભોગ બની રહી છે, ખેડૂતો આત્મહત્યા કરવા માટે મજબૂર બન્યા છે.

ઝુંબેશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાર્યક્રમમાં ભાગ લેવા આવનારા નેતાઓ અને હોદ્દેદારો દેશભરનાં રાજ્યોમાં આ કાર્યક્રમને વેગ આપવા કાર્ય કરશે. રાઉતે આક્ષેપ કર્યો હતો કે નરેન્દ્ર મોદીના શાસનમાં બંધારણ અને દલિતો પર સતત હુમલા થતાં રહ્યા છે. કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે આવી પરિસ્થિતિ નહોતી. દેશમાં દલિત મતદારોની ટકાવારી અંદાજે ૧૭ ટકા છે અને સંસદની ૮૪ બેઠક અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે અનામત રખાઈ છે. ભારતીય જનતા પક્ષ (ભાજપ)ને ૨૦૧૪ની ચૂંટણીમાં આમાંથી પચાસ ટકા બેઠક મળી હતી. રાઉતે જણાવ્યું હતું કે અમારો પક્ષ આગામી સામાન્ય ચૂંટણીમાં પોતાનો અગાઉનો દેખાવ સુધારવા બનતા દરેક પ્રયાસ કરશે. કોંગ્રેસનાં સૂત્રોએ જણાવ્યું હતું કે અમે દલિત કોમ માટે વિવિધ કાર્ય કરવા કટિબદ્ધ છીએ.

થાંભલા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફેન્સીંગ બનાવવામાં આવી રહી છે. આ અન્વયે શહેરી વિસ્તારમાં ૧૦ હજાર મીટરમાં ફેન્સીંગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે હજુ આ મામલે ૫૦ ટકા કામગીરી બાકી છે. જો કે સમગ્ર શહેરમાં લોખંડના એંગ્લવાળી ફેન્સીંગ નાંખવાની યોજના હજુ અધ્ધરતાલ છે. શહેરમાં વન આરક્ષિત જગ્યામાં સિમેન્ટના થાંભલા તુટી જતા તંત્ર દ્વારા લોખંડના એંગ્લવાળી ફેન્સીંગ તૈયાર કરવા માટે અંદાજો તૈયાર કરી વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ દરખાસ્તને મંજુરી મળી નથી આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૯ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે હાલ સેકટરોમાં સિમેન્ટના થાંભલા ધરાવતી મોટાભાગની ફેન્સીંગ તુટેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહી છે. જયારે આગામી ચોમાસા દરમિયાન ૨૫ હેકટરમાં હાથ ધરવામાં આવનાર વાવેતરની પ્રક્રીયાને અનુલક્ષી આ ઠેકાણે ૭ ફુટ ઉંચી લોખંડના એંગ્લવાળી ફેન્સીંગનુ કામ હાથ ધરાયુ છે.

ટ્રીમીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વૃક્ષોની ડાળીઓ આવી જતા પુરતુ અજવાળુ પડતુ નથી. ચોમાસા દરમિયાન વૃક્ષો જોખમી પુરવાર ન થાય તે માટે સુકા અને જોખમી વૃક્ષોનો પણ તંત્ર દ્વારા તબક્કાવાર નિકાલ કરવામાં આવી રહયો છે. જયારે હાલ નવા સેકટરોમાં ટ્રીમીંગનુ કામ હાથ ધરાયુ છે. સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત સર્કલથી સર્કલને જોડતા આડા માર્ગો પર ટ્રીમીંગની કામગીરી ચાલી રહી છે. શહેરના ઘ-૩ થી ગ માર્ગ પર ટ્રીમીંગનુ કામ ચાલી રહયુ છે. ચોમાસા પુર્વે સેકટરોમાં મોટાભાગના વૃક્ષોને ટ્રીમીંગ હેઠળ આવરી લેવામાં આવશે.

ફુગાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રીટેલ ફુગાવાના આંકડામાં ઘટાડો થયા બાદ આરબીઆઈ અને સરકારને રાહત થઈ છે. જીવન જરૂરી ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે. શાકભાજીના ભાવમાં ઘટાડો થતા આ ફુગાવો ૨.૭૦ ટકા થઈ ગયો છે. કઠોળની કિંમતમાં પણ ઘટાડો થયો છે. સામાન્ય લોકો શાકભાજી અને કઠોળનો ઉપયોગ દરરોજ કરે છે. જેથી લોકોને મોંઘવારીની વચ્ચે રાહત મળી છે. ડબલ્યુપીઆઈ ફુગાવાના આંકડાને લઈને તમામ કારોબારીઓ અને સરકારની નજર હતી. હવે આરબીઆઈ પણ દબાણથી મુક્ત થશે.

આરોપી નિર્દોષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેસલો આવ્યો ત્યારે કોર્ટ રૂમની બહાર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. આરોપી અસીમાનંદને નમાપલ્લી કોર્ટમાં લાવવામાં આવ્યા હતા. સવામી આ મામલે મુખ્ય આરોપી પૈકી એક હતા. ૧૮મી મે ૨૦૦૭ના દિવસે થયેલા આ બ્લાસ્ટમાં નવ લોકોના મોત થયા હતા અને ૫૮ લોકો ઘાયલ થયા હતા. મોડેથી દેખાવકારોએ દેખાવો કર્યા હતા. જેમાં પોલીસને ગોળીબાર કરવાની ફરજ પડી હતી. તેમાં પણ કેટલાક લોકોના મોત થઈ ગયા હતા. આ મામલામાં ૧૦ આરોપી પૈકી આઠ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તમામ પાંચ આરોપીને કોર્ટે આજે નિર્દોષ જાહેર કર્યા હતા. આ તમામને મક્કા મસ્જિદ બ્લાસ્ટ કેસના સંબંધમાં પકડી લેવામાં આવ્યા હતા. આ કેસ મોડેથી સીબીઆઈને સોંપી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં એનઆઈએની પાસે મામલો પહોંચી ગયો હતો. ૧૧ વર્ષ પહેલા શક્તિશાળી પાઈપ બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. ૧૮મી મે ૨૦૦૭ના દિવસે જુમાની નમાઝના દિવસે મુસ્લિમ સમાજની મસ્જિદમાં આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. બ્લાસ્ટ બાદ દેશભરમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. આ વર્ષે માર્ચ મહિનામાં એવા અહેવાલ આવ્યા હતા કે આ મામલાના આરોપી સ્વામી અસીમાનંદના ડિસ્ક્લોઝર રિપોર્ટ કોર્ટથી ગાયબ થઈ ગયા છે ત્યારબાદ સનસનાટી મચી ગઈ હતી. જોકે, એક દિવસ બાદ દસ્તાવેજો મળી આવ્યા હતા. ૨૦૦૭માં થયેલા આ બ્લાસ્ટમાં સ્થાનિક પોલીસે શરૂઆતમાં તપાસ કરી હતી. મોડેથી હોબાળો થયા બાદ આ મામલાની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી હતી. સીબીઆઈએ એક ખાસ આરોપપત્ર દાખલ કરીને તપાસ હાથ ધરી હતી. ત્યારબાદ ૨૦૧૧માં સીબીઆઈ પાસેથી આ મામલો રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઈએ)ને સોંપી દેવામાં આવ્યો હતો. બ્લાસ્ટ બાદ પોલીસે દેખાવકારોને રોકવા માટે હવામાં ગોળીબાર કર્યો હતો. સાથે સાથે ટોળાને કાબુમાં લેવા ગોળીબાર કર્યો હતો. જેમાં અનેક લોકોના મોત થયા હતા. આ ઘટનામાં ૧૬૦ સાક્ષીઓના નિવેદન લેવામાં આવ્યા હતા. આ નિવેદનમાં ભોગ બનેલા લોકોની સાથે સાથે સંઘના પ્રચારક સહિત કેટલાક લોકો શામિલ થઈ ગયા હતા. મામલાના આરોપી અસીમાનંદને એપ્રિલ ૨૦૧૭માં કોર્ટે એવી શરત ઉપર જામીન આપ્યા હતા કે તેઓ હૈદરાબાદ અને સિકંદરાબાદ છોડીને જશે નહીં. ગયા મહિને અસીમાનંદ સાથે જોડાયેલા દસ્તાવેજો ગાયબ થઈ ગયાના અહેવાલ આવ્યા હતા.